

**પરીચય પુસ્તિકા :** સેક્ટર-૨૩ બ્રહ્મ સમાજ દ્વારા સમાજના પરીવારોના પરીચય પુસ્તિકાનું વિમોચન શનિવારે સાંજે બ્રહ્મ ભવન ખાતે યોજાયું હતું. બ્રહ્મ સમાજના પ્રમુખ પિનાકીનભાઈ રાવલ તથા સમાજના વરીષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સામાજિક એકતા માટે સૌએ હાંકલ કરી હતી અને બ્રહ્મ સમાજના સંગઠનને વધુ મજબુત બનાવવા સૌને અપીલ કરી હતી. (તસવીર : દિપક જાની)

# બાઈકની ટક્કરથી રસ્તો ઓળંગી રહેલા વૃદ્ધનું માથુ ફાટી ગયું

### શેરથા-ટીંટોડા રોડ પર બનેલી ઘટના : વૃધ્ધનું બનાવ સ્થળે જ મૃત્યુ : બાઈક લઈને ચાલક ફરાર

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લાના શેરથાથી ટીંટોડા જવાના માર્ગ પર ગઈકાલે સાંજે રસ્તો ઓળંગી રહેલા ૬૦ વર્ષિય વૃદ્ધને એક અજાણ્યો બાઈકચાલક અડફેટે લઈને ફરાર થઈ ગયો હતો. બાઈકની ટક્કરથી વૃદ્ધનું માથુ ફાટી જતાં ઘટના સ્થળે જ તેમનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસે અજાણ્યા બાઈક ચાલક સામે મૃતકના દિકરાની ફરીયાદને આધારે ગુનો નોંધી તેને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે.

શેરથા ગામમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ બાબુજી ઠાકોર ગઈ સાંજે ઘરેથી નીકળીને શેરથા-ટીંટોડા રોડ પર પહોંચ્યા હતા અને રસ્તો ઓળંગી રહ્યા હતા. તે દરમ્યાન એક અજાણ્યું બાઈક બેફામ ગતિએ તેમની તરફ આવ્યુ અને વૃદ્ધ બાબુજીને અડફેટે લઈ લેતા માથાના ભાગે ખુબ જ ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. વૃદ્ધને મોતને ઘાટ ઉતારી બાઈક લઈને આરોપી ચાલક ફરાર થઈ ગયો હતો. મૃતકના દિકરા બળદેવજીએ અડાલજ પોલીસમથકે ફરીયાદ આપતા મૃતદેહ પી.એમ. કરાવી પોલીસે અજાણ્યા બાઈકચાલક સામે ગુનો દાખલ કરી શોધખોળ શરૂ કરી છે.

### સમદર્શન આશ્રમ ખાતે પૂજ્ય ગુરૂમાની અમૃતવાણી

# પ્રભુ પરત્વેના પ્રેમનો આર્વિભાવ થાય ત્યાં જ પ્રભુ પધારે છે

૨૧ ડિસેમ્બર-૨૦૧૩ના બપોરના સત્રમાં મંગલાચરણ અંગે આગળ બોલતાં પૂ. ગુરૂમાએ જણાવ્યું કે ધર્મશાસ્ત્રોના વાચનના પ્રારંભે, મધ્યે તથા અંતે મંગલાચરણ કરવું જોઈએ. જગતની ઉત્પત્તિ માટે ભલે અનેક મતો હોય, પણ જગતની ઉત્પત્તિનું કારણ સદરૂપ પરમાત્મા છે જે સ્વયંપ્રકાશી, સર્વજ્ઞ અને ચૈતન્યસ્વરૂપ છે. ગાયત્રીમંત્ર એ સર્વ વેદોનો સાર છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય ભગવાન સવિતા (સૂર્ય)થી થાય છે. જેઓ પોતે કૃષ્ણનું એક સ્વરૂપ છે. ભગવાન ભક્તને અધીન હોય છે. તેઓ પ્રેમરૂપી દોરીથી બંધાય પણ છે. ભક્ત સામે તેમનું કંઈ ચાલતું નથી. ભાગવતની અંદર જ્ઞાન, ધર્મ અને ભક્તિનું નિરૂપણ કરવામાં આવેલ છે.

કથા શ્રવણ ભાવુકતા અત્યંત આવશ્યક છે. કથામાંના ભાવને અનુભવવા માટે તેને અનુસરીને તન્મયતાથી કથાનું રસપાન કરવું જોઈએ. ગુરૂનો મહિમા કરતાં જણાવ્યું કે ગુરૂ પોતાના શિષ્યો પ્રત્યે હંમેશા દયાળુ હોય છે અને તેમના કલ્યાણ અર્થે વિના પૂછ્યે પણ માર્ગદર્શન કરતા હોય છે. ''આ સઘળું વાસુદેવ છે.'' તેવી બુદ્ધિ કેળવવી જોઈએ.



પછી ગુરુમાએ પરમાત્માના ૨૪ અવતારો વિશે ટૂંકું નિરુપણ કર્યું અને તેમના અવતાર લેવાના હેતુઓ વિશે સમજ આપી હતી. ગુરૂઓ તથા આચાર્યો હંમેશા પરંપરાને શ્રેય આપે છે. કથા ક્યારે, કેવી રીતે થઈ અને ભાગવતની રચના કેવી રીતે થઈ તે પણ તેમાં સમાવિષ્ટ છે. મહાપુરૂષો હંમેશા અન્યના કલ્યાણની ચિંતા કરતા હોય છે. જ્ઞાની પણ જો અંતરમાં ભક્તિને ધારણ ન કરતા હોય તો લોકો તેમને નાસ્તિક માનશે. જ્ઞાન પણ અચ્યુતભાવ સાથે હોવું જરૂર છે. સંતકૃપા અંગે જણાવ્યું કે સંતો જ્યારે કૃપા કરે છે ત્યારે જ પોતાના જીવનના અનુભવો સંભળાવતા હોય છે. જે સાંભળનાર માટે પ્રેરણાદાયી બની રહે છે. ભાગવત કથાની પરંપરાના વાહક નારદમુનિના પૂર્વજન્મ અંગે જણાવ્યું કે પૂર્વ જન્મમાં તેઓ દાસીપુત્ર હતા અને અત્યંત ભક્તિભાવને ધારણ કરતાં નવા જન્મમાં બ્રહ્મપુત્ર નારદ તરીકે અવતાર ધારણ કર્યો. ભીષ્મ પિતામહના ચરિત્ર અંગેની કથામાં જણાવ્યું કે દુષ્ટનું ગ્રહણ કરાય તો બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, જે અંતે વિનાશક નીવડે છે.

ત્યાર પછી વિદુરનીતિ, ભીષ્મપિતામહનું સ્વર્ગગમન, ત્રેતાયુગની સમાપ્તિ તથા કલિનો પ્રારંભ, ભગવાન શ્રીકૃષ્ણનું મહાનિર્વાણ તથા પાંડવોનું હિમાળે હાડગાળવા જવાની કથાનું રસપાન કરાવ્યું હતું. જીવનમાં જે કંઈ પ્રાપ્ત થાય છે તે પ્રારબ્ધ કર્મ અનુસાર જ થાય છે. કોઈની નિંદા ન કરવી, કોઈનો દોષ ન જોવો તે ધર્મનું આચરણ છે. પછી તેમણે શુકદેવજી દ્વારા ભાગવત પરીક્ષિત રાજાને સંભળાવાઈ તેનો હેતુ બતાવ્યો તથા જે પાંચ સ્થાનોમાં કલિનો વાસ છે તે વિશે વિશદ્ સમજૂતિ આપી હતી. આ સાથે ભાગવતનો પ્રથમ સ્કંધ પૂરો થયો હતો અને દ્વિતીય સ્કંધની કથા રવિવાર, તા. ૨૨-૧૨-૨૦૧૩ના દિવસે સંભળાવાશે.

પ્રથમ દિવસની વિરમિત કથાને પોતાની રસાળ શૈલીમાં જ્ઞાન બીજા દિવસે આગળ ધપાવતા પુજ્ય ગુરૂમાએ વરાહજન્મ કપીલજન્મ તથા ધ્રુવચરીત્રની કથા સંભળાવીને રસીક શ્રોતાગણને રસતળબોળ કરી દીધા હતા. કથા પ્રવાહને આગળ લઈ જતાં પુજ્ય ગુરૂમાએ જગાવ્યું કે પ્રભુ ત્યાજ પધારે છે જ્યાં તેમના પ્રભુ પ્રત્યેના પ્રેમનો આર્વિભાવ થાય છે, અને પ્રેમભાવથી અર્પણ કરાયેલું તેઓ અવશ્ય સ્વીકારે છે, પછી તે તુલસીપત્ર હોય, ફુલ હોય કે જળ અર્પણ કરીએ તો પણ પ્રેમભાવથી સ્વીકારે છે. ઈર્ષ્યાવથી સ્મરણ કરનારનો પણ જો પ્રભુ ઉદ્ધાર કરતા હોય તો પછી તેમને પ્રેમભાવથી ભજનાર પ્રેમીજનનો ઉદ્ધાર કરે તેમાં નવાઈ જેવું કઈ છે જ નહી તેથી જ કહ્યું છે કે, 'સબ સે ઉંચી પ્રેમ સગાઈ.'

પાંડવો-કૌરવોના કાકાશ્રી વિદુરજી વિશે જણાવ્યું કે, વસ્તુતઃ તેઓ સ્વયં ધર્મરાજ હતા. પૂર્વજન્મમાં મળેલ માંડવઋષિના શાપને કારણે તેમણે દાસીપુત્ર તરીકે જન્મ ધારણ કર્યો હતો. તેઓ પરમ જ્ઞાની, નીતિમાન, પરમ કૃષ્ણભક્ત હતા અને કૃષ્ણના તેઓ અત્યંત પ્રિય અને કૃપાપાત્ર હતા. તેથી જ દુર્યોધનનાં મેવા પકવાન છોડીને નગર બહાર ઝુંપડી બાંધીને વસતા વિદુરજીને ત્યાં રોટલો અને ભાજી આરોગવા આવેલા અને પ્રેમભીનાં વિદુરપત્નીએ ભાવવશ કેળાંના ગરને બદલે છાલ અર્પણ કરેલ. કેળાંની છાલ પણ ભગવાને ઉમંગભેર ખાધી. ભગવાનને આવકારવા વિદરપત્ની અર્ધવસ્ત્રે આવ્યાં તો સ્વયં ભગવાને પોતાનું ઉત્તરીયવસ્ત્ર તેમને ઓઢાડી દીધું હતું.

ત્યાં પછી, પોતાની લીલાની સમાપ્તિ પછી સ્વધામગમન કરતા ભગવાન કૃષ્ણની આજ્ઞાથી ઉધ્ધવજી વિદુરજીને મળે છે અને પછી તેમના સુચન પ્રમાણે વિદુરજી મૈત્રેયમુનિને મળે છે જ્યાં સત્સંગ દરમ્યાન મૈત્રેયમુનિ તેમને સૃષ્ટિની ઉત્પત્તિ, વિસ્તૃતિ અને તેનાં રહસ્યોની કથા સવિસ્તર વર્ણવે છે. અને જણાવે છે કે બ્રહ્માજીના માનસપુત્ર મનુના વંશજો એટલે કે આપણે માનવ કહેવાઈએ છીએ.

પછીની કથામાં બ્રહ્માજીને છીંક આવવાથી પ્રગટેલ સુકર-વરાહનારાયણના અવતારની કથામાં, સમુદ્રમાં હિરણાક્ષ રાક્ષસે છૂપાવેલ પૃથ્વીને સમુદ્ર બહાર લાવવામાં આવી તથા તેની પર પ્રગટેલ જીવસૃષ્ટિનો વિકાસ અને વિસ્તાર થયો તે અંગે જણાવ્યું હતું. તે સાથે ભગવાન વિષ્ણુના બે દ્વારપાળો જય અને વિજયને ત્રણ જન્મ સુધી રાક્ષસયોનિ ધારણ કરવા મળેલ શાપની વિગત જણાવી જેના અનુસંધાને નૃસિંહ અવતારમાં હિરણ્યકશિપુ અને ભક્ત પ્રહલાદનાં ચરિત્ર અંગેની કથા આગળ આવશે.

ત્યાર પછી આગળ ધપતા કથાપ્રવાહમાં મનુ-શતરૂપાની પુત્રી દેવયાની તથા કર્દમ ઋષિના લગ્નજીવન, તપસ્વી જીવન અને ભગવાન કપિલના જન્મની કથાનું વર્ણન આવ્યું. જેમાં ભગવાન કપિલે પોતાના માતા દેવહુતિની શંકાઓનું સમાધાન કરી મોહનિવારણ કર્યું. મોહનિવારણ માટે તત્વજ્ઞાન જ શ્રેષ્ઠ ઉપાય છે જે અધ્યાત્યયોગ છે જેને માટે મનુશુદ્ધિ અને મનોનિગ્રહ આવશ્યક છે. તે મુક્તિનું દ્વાર છે. મનમાં રહેલ અહંતા અને મમતા જ મલિન દોષો છે જે દુર થવા જોઈએ. સંતસમાગમ મોક્ષનું દ્વાર ખોલનાર છે. જો ભગવાનના નિર્ગુણ સ્વરૂપમાં મન સ્થિર ન થાય તો સગુણ સ્વરૂપનું ધ્યાન પણ ધરી શકાય. આગળની કથામાં ભક્તિયોગ અને ચાર પ્રકારની ભક્તિનું વર્ણન કરાયું. ક


**આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...**

**સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી**

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

**પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧**


# ચૂંટણી પહેલાં મધ્યમવર્ગ અને કર્મચારીને ગિફ્ટ મળી શકે છે

લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાતમાં મોદી સરકાર -જાકીય જાહેરાતો કરે તેવું સંભવ છે. હાલ મધ્યમવર્ગ ઉપર મોંઘવારીનો માર છે ત્યારે વેલ્યુ એડેડ ટેક્સમાં ઘરખમ રાહતોની તૈયારી થઈ ચૂકી છે, જે બજેટની રજૂઆત વખતે બદલાઈ શકે છે. એવું માનવામાં આવે છે કે પેટ્રોલિયમ -ેડક્ટ્સ ઉપરના વેટના દરોમાં ઘટાડો થશે. નાણા વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે સરકારના એજન્ડામાં સસ્તુ પેટ્રોલ, સસ્તુ ડિઝલ અને સસ્તો સીએનજી ટોચક્રમે છે. નાણા વિભાગના અધિકારીઓને બજેટની ચિંતા નથી કારણ કે આ વખતે વોટ ઓન એકાઉન્ટ છે છતાં તેઓ ટેક્સ અને રાહતો વચ્ચેની ઉલઝનમાં ફસાયેલા છે....

લોકસભા ઈફેક્ટનો ફાયદો લોકોને થવાનો છે. કોંગ્રેસ સંચાલિત યુપીએ સરકાર જેમ રાહતોનો ધોધ વરસાવી શકે છે તેમ ગુજરાત સરકાર પણ રાહતોની યાદી તૈયાર કરવામાં લાગી છે. ...સૂત્રોએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે સાતમા પગાર પંચની જાહેરાત કરીને કર્મચારી વર્ગને પોતાના તરફ ખેંચવાનો -યાસ કર્યો છે. ગુજરાત પણ પાછી પાની કરવા માગતું નથી. કર્મચારી મંડળોની એવી માગણી છે કે રાજયના કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદા ૫૮ થી વધારીને ૬૦ કરવી.. છેલ્લા ૧૦ વર્ષથી ઈન્કાર કરતી સરકાર હવે આ દિશામાં વિચારી રહી છે...

## કહો દિલ સે અડવાણી ફિર સે... મુખ્યમંત્રીની રેસમાં અમિત શાહ અગ્રેસર

**કોગ્રેસને ડબલ ડિઝીટમાં બેઠકો નહી આવે...**

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉત્તર ભારતમાંથી લોકસભાની ચૂંટણી લડે તેવી સંભાવના -બળ બનતી જાય છે, કારણ કે કહો દિલ સે અડવાણી ફિર સે...ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ ગાંધીનગરમાંથી લોકસભાની ચૂંટણી લડવાનું નક્કી કર્યું છે જયારે મોદી અમદાવાદની લોકસભાની જનરલ બેઠક ઉપરથી પણ ચૂંટણી લડે તેવું પાર્ટીના સૂત્રોમાં ચર્ચાઇ રહ્યું છે. પૂર્વ -ધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના રસ્તે જો આગળ વધે તો સૂત્રોના કહેવા મુજબ મોદી લખનૌ કે વારાણસી તેમજ ગુજરાતમાંથી એક બેઠક એમ કુલ બે બેઠકો પરથી ચૂંટણી લડશે. ગુજરાતમાં એવું કહેવાય છે કે મોદી માટે ગુજરાતમાંથી લોકસભામાં જવું ખૂબ આસાન છે...

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાત લોકસભાની ૨૬ બેઠકોની રણનિતી મોદીએ તૈયાર કરી છે જેના આધારે પાર્ટી સંગઠન અને કાર્યકરો કામે લાગી ગયા છે. ભાજપને મહત્તમ ૨૦ બેઠકો મળે તેમ છે પણ મોદીનું માઈક્રો પ્લાનિંગ છે કે કેશુભાઈ પટેલના સમયમાં ભાજપને ૨૩ બેઠકો મળી હતી તેના કરતાં એક બેઠક વધારે લાવવી, કે જેથી ગુજરાતમાં ભાજપનો એક નવો રેકોર્ડ બની શકે... મોદી -ધાનમંત્રીના ઉમેદવાર હોવાથી કોંગ્રેસ માટે ડબલ ડિઝીટમાં બેઠકો મેળવવી ખૂબ અશક્ય જણાય છે...!!!

**નરેન્દ્ર મોદી પછી ગુજરાતમાં મુખ્યમંત્રી કોણ....**

મોદી લોકસભાની ચૂંટણી લડીને દિલ્હી જાય તો ગુજરાતમાં શું... તેની ચિંતા -દેશના નેતાઓ અને કાર્યકરોને સતાવે છે. ખુદ કોંગ્રેસના નેતાઓ પણ કહી રહ્યાં છે કે મોદી કોને મુખ્યમંત્રી બનાવશે...બ્યુરોક્રેસીમાં પણ તેની ચર્ચાએ જોર પકડ્યું છે. એક ઓફિસરે હસતાં હસતાં કહ્યું કે ૨૦૦૧માં નરેન્દ્ર મોદીએ ભાજપના વરિષ્ઠ નેતા કેશુભાઈ પાસેથી સત્તા મેળવી હતી, તો ૨૦૧૩માં બાર વર્ષ પછી તેઓ કેશુભાઈને રાજકીય વનવાસમાંથી પાછા બોલાવી શકે છે, એટલે કે ગુજરાતમાં કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બને... બીજા અધિકારીએ કહ્યું કે ના, એવું ના કરે..મોદી તેમના વફાદાર સાથીને આ પદ ઉપર બેસાડીને જશે..!!

આ વફાદાર સાથી એટલે કોણ...એવો પ્રશ્ન કોઈએ પૂછ્યો તો જવાબ મળ્યો કે મોદીના વફાદારોની યાદીમાં ટોચક્રમે અમિત શાહ છે કારણ કે તેઓ ૧૯૯૮ પછી મોદી સાથે સંકળાયેલા રહ્યાં છે. સીબીઆઈની આટલી બધી સખ્તાઈ છતાં અમિત શાહ મોદીની પડખે રહ્યાં છે. આ ઓફિસરની કેબિનમાં આવેલા પાર્ટીના એક ધારાસભ્યએ વળી એક નવું નામ વહેતું કર્યુ હતું...તેમણે કહ્યું હતું કે ભાવનગરના એમપી રાજેન્દ્રસિંહ રાણાને આપણે કેમ ભૂલી જઈએ છીએ...આ વાત કાપી નાંખતા અધિકારીએ કહ્યું કે તેઓ વફાદારીની યાદીમાં ક્યાં આવે છે...છેવટે તો મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલ તો છે કે જેઓ મુખ્યમંત્રીનું પદ શોભાવે, કેમ કે દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ એક મહિલા રાષ્ટ્રપતિ આપ્યા હતા તેમ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી એક મહિલા મુખ્યમંત્રી આપી શકે છે...

**'સર' નું આવી બન્યું, જમીન માટે જંગ થશે....**

ગુજરાતમાં સેઝ-સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન માટે જેટલો વાંધો નથી આવ્યો તેટલો સર- સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિઝિયન માટે આવી રહ્યો છે. રાજયમાં ૬૦ સેઝ અને ૧૪ સર નું આયોજન છે પરંતુ ઉભા થઈ રહેલા વિરોધને જોતાં સર નું ભાવિ ધૂંધળું બન્યું છે. -થમ બેચરાજી-માંડલ અને હવે ધોલેરા સર નો વિરોધ કરવામાં આવ્યો છે. જાગ- જમીન અધિકાર આંદોલન ગુજરાત એક એવું સંગઠન છે કે જે ખેડૂતોને જંગે ચઢાવે છે. આ સંગઠનની સામ ઝૂકીને મોદી સરકારે બેચરાજી-માંડલ સર માં સંપાદન થતી ૪૪ પૈકી ૩૬ ગામની જમીનને રદ કરવાની ફરજ પડી છે. હવે આ સંગઠન ધોલેરા પહોંચ્યું છે...

ભારત સરકારનો નવો જમીન સંપાદન કાયદો હજી અમલમાં પણ આવ્યો નથી ત્યારે રાજય સરકાર માટે આ એક નવી ઉપાધિ છે. ધોલેરા સિટી એ ગુજરાત સરકાર અને મોદીનું સ્વપ્ન છે. આ સિટીમાં કેન્દ્ર સરકારે ઈન્ટરનેશનલ એરપોર્ટ મંજૂર કર્યું છે. ધોલેરામાં ૨૨ ઉપરાંત ગામોની જમીનને અસર થાય છે. જાગ- ના આ પગરણથી મોદી કેબિનેટ ચિંતામાં આવી ગઈ છે, કારણ કે આંદોલનના નેતૃત્વમાં ભાજપના જ પૂર્વ ધારાસભ્ય ડો.કનુભાઈ કલસરિયા જોડાયા છે, જેમણે નિરમા કંપની સામે ભાવનગરમાં ઝંડો ઉંચો કર્યો હતો....

**ભજન અને ડાયરાના દિવસો ભૂલાતા નથી....**

ભાજપની સરકારમાં એક સમય એવો હતો કે મંત્રીઓના રેસિડેન્સિયલ વિસ્તારમાં ભજન અને ડાયરાની રમઝટ બોલતી હતી. સપ્તાહમાં કોઈ એક કાર્યક્રમનું આયોજન થતું હતું, જેમાં ખુદ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેતા હતા. તે સમયના ગૃહ રાજયમંત્રી મહેન્દ્ર ત્રિવેદી અલગ અલગ સાત રાગમાં હનુમાન ચાલિસા ગાતા હતા...ગુજરાતના -ખ્યાત ભજન સમ્રાટ અને લોક કલાકારો સરકારના મહેમાન બનતા હતા. દિવસ ભરના કામથી થાકીને મંત્રીઓ સાંજે રિલેક્સ બની જતા હતા. હવે આવા દિવસો આવવા કઠીન છે, માથે કામનું ભારણ છે અને ઘડીની નવરાશ નથી...

તે સમયના એક મંત્રીએ સચિવાલયમાં તેમની યાદ તાજી કરી છે...તેમના સચિવ રહી ચૂકેલા એક સિનિયર અધિકારીએ કહ્યું હતું કે અમને ભાજપની ૧૯૯૫ની સરકાર ખૂબ યાદ આવે છે. કેવા હતા એ દિવસો કે સાંજ પડ્યે મનોરંજનની મહેફિલ જામતી હતી. બધાં સભ્યો એકત્ર થતાં ત્યારે કોણ નાણામંત્રી ને કોણ મહેસૂલ મંત્રી તે યાદ ન રહેતું હતું, ખુદ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સલામતી વ્યવસ્થા વિના બધાંની વચ્ચે ગોઠવાઈ જતા હતા. ટ્રેસમાં ટેન્શન ફ્રી રહેવાની ભાજપની આ ભજન લીલાને હજી પણ સચિવાલયમાં યાદ કરવામાં આવે છે....

**મિડીયા પર્સનને સાંજના સમાચારની ચિંતા...**

સચિવાલયનું કવરેજ કરતા પત્રકારોને સાંજના સમાચારની ચિંતા હંમેશા સતાવે છે, કારણ કે પહેલાના સમયનું રિપોર્ટીગ અને હાલનું રિપોર્ટીગ બદલાઈ ચૂક્યું છે. પહેલાં પત્રકારો માટે -ત્યેક મંત્રી સમાચારનો સ્રોત હતો આજે સરકારમાં -વક્તા મંત્રી છે એટલે બીજા મંત્રીઓ મૌન બની જાય છે. મિડીયા પર્સનને ન્યૂઝ ફ્રેન્ડલી વાતાવરણનો અહેસાસ થતો નથી... સચિવાલયમાં હવે તો કેબિનેટ બ્રિફીંગ પણ થતું નથી...માધવસિંહ કે ચીમનભાઈની સરકારમાં હતુ એવું નથી...કેશુભાઈ પટેલની સરકારમાં પણ ક્યારેય સમાચાર દૂર થયા નથી, કારણ કે તે સમયે -ત્યેક મંત્રી સમાચારની ખાણ હતા...

આ સમયે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ૨૦૦૧ના શબ્દો યાદ આવે છે....મોદીએ જયારે -થમવાર મુખ્યમંત્રીપદના શપથ લીધા ત્યારબાદ ગાંધીનગરના સરકીટ હાઉસમાં તેમણે ૨૦૦૧માં કહ્યું હતું કે હું આપને સમાચાર નહી આપું, મારૂં કામ બોલશે અને તે જોઈને તમે રિપોર્ટીગ કરજો...??? ૧૨ વર્ષ પછી તેમના શબ્દો સાચા પડ્યા છે...

મોદી સરકારે જે કામો કર્યા છે તેનું રિપોર્ટીગ ચાલી રહ્યું છે... હા સરકારમાં એક સુવિધાનો ઉમેરો થયો છે અને તે ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરતા મિડીયા પર્સનને ખૂબ કામ લાગે છે... તે છે સરકારની અપડેટ થતી વેબસાઈટ્સ...પત્રકારો માટે સમાચાર મેળવવાનું બીજું હથિયાર આરટીઆઈ છે....

**નવી દિલ્હીની જેમ ગુજરાતમાં પણ જીઓએમ.....**

નવી દિલ્હીમાં શાસન કરતી સરકારમાં ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ હોય છે તેમ ગુજરાતમાં પણ જીઓએમ-ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ રચાયેલું છે. મુખ્યમંત્રીની ગેરહાજરીમાં આ ગ્રુપ વહીવટી તેમજ પોલિટીકલ બાબતોના નિર્ણયોની ચર્ચા કરે છે. આ ગ્રુપમાં મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલ, નાણામંત્રી નિતીન પટેલ, ઉર્જામંત્રી સૌરભ પટેલ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ છે ગુજરાતનું ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ...મોદીની સૂચનાથી કોઈ નિર્ણય લેવાયો હોય તો તેનું ફોલોઅપ આ ગ્રુપ કરે છે. નિતી વિષયક બાબતોને પણ ગ્રુપમાં સમાવી લેવામાં આવી છે...

## એ ભજનો, લોકડાયરા અને મહેફિલના દિવસો માત્ર સ્મૃતિમાં કેદ બન્યા....

ગ્રુપ ઓફ મિનિસ્ટર્સના ધ્યાનમાં કેટલીક બાબતો આવી છે જેમાં લોકસભાની ચૂંટણી પહેલાં નિર્ણય લેવાનો થાય છે. ખાસ તો અમદાવાદ-ગાંધીનગર વચ્ચેના ૨૨૦૦૦ કરોડના મેટ્રોરેલ -ોજેક્ટનો પ્રશ્ન છે. આ ગ્રુપના એજન્ડામાં મેટ્રોરૂટને ફાયનાઈઝ કરવાનો પડકાર છે. બીજો પડકાર પૂર્ણ થયેલી ૧૨ જેટલી પોલિસીઓને રિવાઈઝ કરવાનો છે, કે જેના થકી વિભાગોનું આયોજન કરવામાં આવતું હોય છે. કેટલીક પોલિસી એવી છે કે જેણે પૂર્ણ થયે ચાર થી પાંચ વર્ષનો સમય વિતી ગયો છે....

**સોશ્યલ સાઇટ અને એસએમએસ કાફી છે....**

ગુજરાતમાં મતદારો અને મોબાઈલ ધારકો વચ્ચે સ્પર્ધા હોય તેવું લાગી રહ્યું છે કારણ કે રાજયમાં તેજ ગતિએ મતદારો વધી રહ્યાં છે. કેન્દ્ર સરકારના આંકડા -માણે છ કરોડની વસતીમાં ચાર કરોડથી વધારે મોબાઈલ ધારકો છે, તેવી જ રીતે ભારતના ચૂંટણી પંચના -ાથમિક અહેવાલ -માણે રાજયમાં મતદારોની સંખ્યા પણ ચાર કરોડ સુધી પહોંચી રહી છે.....એક સર્વે -માણે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં બે કરોડ ઉપરાંત મોબાઈલ ધારકો વધી ગયા છે. એનો મતલબ એ થયો કે રાજયમાં -તિ દિન ૧૮,૦૦૦ મોબાઈલ ખરીદવામાં આવે છે....

બીજી તરફ ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણીમાં ૩.૮૦ કરોડ મતદારો હતા જે વધીને લોકસભાની ચૂંટણી સુધીમાં ચાર કરોડ સુધી પહોંચે તેવો ચૂંટણી પંચનો અંદાજ છે. જાન્યુઆરી મહિનામાં લાસ્ટ ડેટા -સારિત કરાશે...એનો અર્થ એ થયો કે દેશભરમાં જેમ યુવા મતદારો વધી રહ્યાં છે તેમ ગુજરાતમાં પણ યુવા મતદારોની સંખ્યા વધી રહી છે.

વિધાનસભાની ચૂંટણીમાં યુવા મતદારોનો જેવો -ભાવ હતો તેવો -ભાવ લોકસભાની ચૂંટણીમાં પણ રહેશે...વધતા મોબાઈલ અને વધતા મતદારોએ એક સ્પર્ધા તો ઉભી કરી દીધી છે. ભારતનું ચૂંટણી પંચ બલ્ક એસએમએસની પરવાનગી આપે તો ચૂંટણી સમયે ઉમેદવારોને મતદારો પાસે જવું નહી પડે, એસએમએસ અને સોશ્યલ સાઈટની મદદથી ચૂંટણી જીતી શકાશે...